# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે વૈશ્વિક સમુદાય હવે યોગ પ્રત્યે વધુ આદર ધરાવે છે
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, તણાવ, અશાંતિ અને અસ્થિરતાની સ્થિતિમાં યોગ શાંતિનો માર્ગ બતાવે છે.
3) દેશની પ્રથમ યોગ નીતિ આજે ઉત્તરાખંડમાં જાહેર કરવામાં આવી
4) ગુજરાતમાં વિશ્વ યોગ દિવસે વડનગર ખાતે બે હજાર 121 યોગ સાધકોએ ભુજંગાસન કરીને વર્લ્ડ રેકર્ડમાં સ્થાન મેળવ્યું
5) DGCA એ એર ઇન્ડિયાના 3 અધિકારીઓને તમામ જવાબદારીઓમાંથી દૂર કરવાનો આદેશ આપ્યો
6) એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની પ્રથમ ટેસ્ટ મેચમાં ભારત ઇંગ્લેન્ડ સામે પ્રથમ ઇનિંગમાં 471 રનમાં ઓલઆઉટ

.................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# RASTRAPATI YOGDAY

આજે દેશ સહિત વિશ્વભરમાં ખૂબ જ ઉત્સાહ અને વ્યાપક ભાગીદારી સાથે ૧૧મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ અલગ-અલગ યોગ સત્રોમાં ભાગ લઈને ઉજવણીનું નેતૃત્વ કર્યું.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે વૈશ્વિક સમુદાય હવે યોગ પ્રત્યે વધુ આદર ધરાવે છે અને મહાદ્વિપોના લોકો તેનો લાભ લઈ રહ્યા છે. તેઓ આજે દહેરાદૂનમાં પોલીસ લાઇન ખાતે આયોજિત યોગ શિબિરને સંબોધિત કરી રહ્યા હતા. રાષ્ટ્રપતિએ વૈશ્વિક મંચ પર યોગને પ્રોત્સાહન આપવામાં ભારતની મહત્વપૂર્ણ ભૂમિકાનો પણ ઉલ્લેખ કર્યો.

(BYTE – RASTRAPATI)

. . . . . . . . . . .

# PM YOGA DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, જ્યારે વિશ્વના વિવિધ ભાગોમાં તણાવ, અશાંતિ અને અસ્થિરતા છે, ત્યારે યોગ શાંતિનો માર્ગ બતાવે છે. આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની

ઉજવણીનું નેતૃત્વ કરતા પ્રધાનમંત્રીએ વિશ્વ સમુદાયને યોગ દિવસને ઉજવવા માટે ખાસ આહ્વાન કર્યું, તેમણે કહ્યું કે યોગ હવે વ્યક્તિગત નથી પરંતુ વૈશ્વિક ભાગીદારીના માધ્યમ તરીકે ઉભરી આવ્યો છે.

(BYTE - PM)

આધુનિક સંશોધન દ્વારા વૈશ્વિક સ્તરે યોગના વિજ્ઞાનને મજબૂત બનાવવાના ભારતના પ્રયાસો પર ભાર મૂકતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે દેશની અગ્રણી તબીબી સંસ્થાઓ યોગ સંશોધનમાં સક્રિયપણે રોકાયેલી છે, જેનો ઉદ્દેશ્ય સમકાલીન તબીબી પ્રથાઓમાં તેની વૈજ્ઞાનિક સુસંગતતા સ્થાપિત કરવાનો છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે આ વર્ષના યોગ દિવસની થીમ - એક પૃથ્વી એક સ્વાસ્થ્ય માટે યોગ - આપણને યાદ અપાવે છે કે વર્તમાન અને ભાવિ પેઢીઓ માટે સુખી ભવિષ્ય સુનિશ્ચિત કરવા માટે સમગ્ર વિશ્વ કેવી રીતે એક થયું છે. વિશાખાપટ્ટનમમાં મુખ્ય યોગ દિવસ કાર્યક્રમમાં બે લાખ ૭૨ હજાર લોકોએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . .

# YOG OVERALL

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું છે કે યોગ એ શરીર, મન અને આત્મા વચ્ચે સંકલન જાળવવા માટે એક મહત્વપૂર્ણ માધ્યમ છે અને તે વ્યક્તિના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. શ્રી બિરલાએ આજે સંસદ સંકુલમાં ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ અમદાવાદના પ્રહલાદનગર ખાતે યોગ કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. જ્યારે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટિલે વડોદરા ખાતે યોગ શિબિરમાં ભાગ લીધો હતો.

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે નવી દિલ્હીના પુસા કેમ્પસમાં સમૂહ યોગ કાર્યક્રમમાં પણ ભાગ લીધો હતો. આ પ્રસંગે બોલતા તેમણે કહ્યું કે બધા આસનો શરીરને સ્થિર અને સ્વસ્થ બનાવે છે.

ભારતીય તટરક્ષકે દેશના 60થી વધુ દરિયાકાંઠાના વિસ્તારો અને ટાપુઓ પર યોગ સંગમ સાથે ૧૧મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવ્યો. જેમાં જખૌ, મુન્દ્રા, વાડીનાર, ઓખા, પીપાવાવ, સુરત, ગાંધીનગર અને વેરાવળનો સમાવેશ થાય છે.

રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સ-NCCના નવ લાખથી વધુ કેડેટ્સે દેશના વિવિધ સ્થળોએ યોગ કર્યા. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે લેહથી કન્યાકુમારી સુધી યોગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

રિયાધ સ્થિત ભારતીય દૂતાવાસે આજે પ્રિન્સ ફૈઝલ બિન ફહદ સ્પોર્ટ્સ સિટી સ્ટેડિયમ ખાતે ૧૧મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવ્યો.

ડૉ. આંબેડકર ઇન્સ્ટિટ્યૂટ ઓફ હોટેલ મેનેજમેન્ટ, ચંદીગઢ દ્વારા સુખના તળાવ અને સંસ્થાના કેમ્પસમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

કેન્દ્રીય રેલ્વે રાજ્યમંત્રી રવનીત સિંહ બિટ્ટુએ યોગને પ્રોત્સાહન આપવા અને તેનાથી શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય લાભ લેવા વિનંતી કરી હતી.

તેલંગાણામાં, ચેગુર ખાતે કાન્હા વેલનેસ સેન્ટર ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ કાર્યક્રમમાં 19 રાજ્યોના ત્રણ હજારથી વધુ દિવ્યાંગોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી, ડૉ. વીરેન્દ્ર કુમારે સમાજને યોગ દિવસની ઉજવણી ઉપરાંત તેની ભાવનાને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખવાનું આહ્વાન કર્યું.

. . . . . . . . . . .

# Uttarakhand-Yoga Policy

દેશની પ્રથમ યોગ નીતિ આજે ઉત્તરાખંડમાં જાહેર કરવામાં આવી છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ જણાવ્યું હતું કે આ નીતિ યોગ અને આરોગ્ય ક્ષેત્રે ઉત્તરાખંડને વૈશ્વિક રાજધાની બનાવવાના ઉદ્દેશ્યથી તૈયાર કરવામાં આવી છે. તેમણે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર ગેરસૈણમાં આયોજિત એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે રાજ્યમાં યોગ અને ધ્યાન કેન્દ્રો વિકસાવવા માટે 20 લાખ રૂપિયા સુધીની નાણાકીય સહાય આપવામાં આવી રહી છે. આ ઉપરાંત, યોગ, ધ્યાન અને પ્રાકૃતિક ચિકિત્સા ક્ષેત્રે સંશોધનને પ્રોત્સાહન આપવા માટે દસ લાખ રૂપિયા સુધીની ગ્રાન્ટની જોગવાઈ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે રાજ્ય સરકાર વર્ષ 2030 સુધીમાં રાજ્યમાં પાંચ નવા યોગ કેન્દ્રો સ્થાપિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

. . . . . . . . . . .

# GUJARAT CM - YOGA

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મહેસાણાના વડનગરના શર્મિષ્ઠા તળાવ ખાતે 11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે યોગની પ્રાચીન પરંપરા જનઆંદોલન બનીને વિકસિત ભારત માટે વિકસિત સ્વસ્થ, સમૃદ્ધ અને તંદુરસ્ત ગુજરાતનું નિર્માણ કરશે.

આજે વિશ્વ યોગ દિવસે રાજ્યમાં નવો કિર્તીમાન પ્રસ્થાપિત થયો હતો. શર્મિષ્ઠા તળાવ ખાતે બે હજાર 121 યોગ સાધકોએ એક સાથે ભુજંગાસન કરીને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડમાં સ્થાન મેળવ્યું છે.

આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશાખાપટ્ટનમ ખાતેથી દેશવાસીઓને આપેલા સંદેશનું જીવંત પ્રસારણ સૌએ નિહાળ્યું હતું. એક પૃથ્વી, એક આરોગ્ય માટે યોગ" અને " મેદસ્વિતા મુક્ત સ્વસ્થ ગુજરાત"નો ધ્યેય સાકાર કરવા રાજ્યભરમાં અંદાજે કુલ દોઢ કરોડ લોકો સામૂહિક યોગાભ્યાસમાં જોડાયા હતા.

. . . . . . . . . . .

# PM-Annapurna Devi

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહિલા અને બાળ કલ્યાણ નીતિઓમાં યોગનો સમાવેશ કરવાના મહત્વ પર એક લેખ શેર કર્યો છે. મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીની સોશિયલ મીડિયા પોસ્ટનો જવાબ આપતા પ્રધાનમંત્રીએ કહ્યું કે મહિલા અને બાળ કલ્યાણ નીતિઓમાં

યોગનો સમાવેશ કરવાથી સમગ્ર દેશમાં પાયાના સ્તરે આરોગ્ય અને સુખાકારીમાં સુધારો થઈ રહ્યો છે.

શ્રીમતી અન્નપૂર્ણા દેવીએ તેમના લેખમાં જણાવ્યું હતું કે ગર્ભાવસ્થા પહેલા અને પછી યોગ કરવાથી મહિલાઓને સ્વાસ્થ્ય પડકારોનો અસરકારક રીતે સામનો કરવામાં મદદ મળે છે.

. . . . . . . . . . .

# DGCA-AIR INDIA

નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય-DGCA એ એર ઇન્ડિયાને ક્રૂ કર્મચારીઓના રોસ્ટર અને સમયપત્રક સંબંધિત નિયમોમાં ગંભીર ઉલ્લંઘન બદલ તાત્કાલિક અસરથી ત્રણ અધિકારીઓને તમામ જવાબદારીઓમાંથી દૂર કરવાનો આદેશ આપ્યો છે. મહાનિદેશાલયે એર ઇન્ડિયાને આ ત્રણ અધિકારીઓ સામે કોઈપણ વિલંબ વિના આંતરિક શિસ્ત કાર્યવાહી શરૂ કરવા અને દસ દિવસની અંદર અહેવાલ રજૂ કરવાનો આદેશ આપ્યો છે.

DGCA એ એક નિવેદનમાં કહ્યું છે કે કામગીરીમાં ખામીઓ માટે આ કર્મચારીઓ જવાબદાર છે. આ અધિકારીઓએ ક્રૂ સભ્યોની ફરજમાં અનિયમિતતાઓ કરી હતી.

. . . . . . . . . . .

**MID BREAK- NEWS- NATIONAL**

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

# Bihar-Pension

બિહાર સરકારે સામાજિક સુરક્ષા પેન્શન કાર્યક્રમ હેઠળ વરિષ્ઠ નાગરિકો, વિધવાઓ અને દિવ્યાંગોના પેન્શનમાં દર મહિને 700 રૂપિયાનો વધારો કર્યો છે. મુખ્યમંત્રી નીતિશ કુમારે આજે જણાવ્યું હતું કે લાભાર્થીઓને આવતા મહિનાથી 1100 રૂપિયાનું વધેલું પેન્શન મળશે.

. . . . . . . . . . .

# AHMEDABAD DNA MATCH

અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકોના અત્યાર સુધી 247 DNA નમૂના મેચ થયા છે. સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે અત્યાર સુધી 232 પાર્થિવદેહ તેમના સ્વજનોને સોંપાયા

છે. 23 લોકોને હવાઈ મુસાફરી દ્વારા અને 209 લોકોને માર્ગ પરિવહન દ્વારા તેમના વતને પહોંચાડવામાં આવ્યા છે.

જેમના પાર્થિવ દેહ સ્વજનોને સોંપવામાં આવ્યા છે તેમાં 175 ભારતીય, 52 બ્રિટિશ, 7 પોર્ટુગીઝ, એક કેનેડીયન અને 12 બિન મુસાફરોનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . .

# FUR REV EVE INDIA ENGLAND - TEST CRICKET

ટેસ્ટ ક્રિકેટમાં, લીડ્સના હેડિંગ્લી ખાતે એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની પ્રથમ મેચના બીજા દિવસે ભારત ઇંગ્લેન્ડ સામે પ્રથમ ઇનિંગમાં 471 રનમાં ઓલઆઉટ થઈ ગયું.

અગાઉ, ભારતે મેચના બીજા દિવસે 3 વિકેટે 359 રનના સ્કોરથી તેની પ્રથમ ઇનિંગ ફરી શરૂ કરી. પ્રથમ બેટિંગ કરતા, શરૂઆતમાં ઓપનર યશસ્વી જયસ્વાલ, કેપ્ટન શુભમન ગિલ અને રિષભ પંતની શાનદાર સદી ફટકારી હતી. પરંતુ, યજમાન ટીમે ઝડપી વિકેટો મેળવીને ભારતને 471 રન રન પર અટકાવ્યું હતું.

. . . . . . . . . . .